**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૩/૧/૨૦૧૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૧/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૮૬ લીટર દેશી દારૂ, ૪૩૨ બિયર ટીન અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**<u>અપહરણ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૩/૧૫</u>**

**ઇસનપુર :** લક્ષ્મીબહેન ચુન્નુલાલ કેવટ (ઉ.વ.૧૪)(રહે.ચંડોલા તળાવની પાળ, ખોડીયાર માતાના મંદિર પાછળ, ઇસનપુર) ને તા.૨૦/૧/૧૫ નાં કલાક ૪/૦૦ વાગ્યાનાં સુમારે ઘર નજીકથી આરોપી રાજ (જેના પુરા નામની ખબર નથી)(રહે.નારોલ વટવા જુની કોર્ટ પાછળ, વટવા) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ લક્ષ્મીબહેનનાં પિતા ચુન્નુલાલ કેવટે તા.૨૨/૧/૧૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૪/૧૫</u>**

**સાબરમતી :** વ્રજલાલભાઇ અમરતલાલ રામી (ઉ.વ.૮૧)(રહે.ગામઃ વડનગર, નદીયો દરવાજો, તા.વડનગર, જી.મહેસાણા) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતે પોતાના જમાઇ કૌશીકભાઇ રાકેશભાઇ રામી (ઉ.વ.૫૮) સાથે એક્ટીવા ઉપર ચિમનભાઇ બ્રીજ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યા ઓટોરીક્ષા ચાલકે પોતાની રીક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતાં વ્રજલાલભાઇનાં જમાઇ કૌશીકભાઇને માથાના ભાગે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી કુમારવસંતમ અંબાલાલ ચલાવે છે.

**<u>આત્મહત્યા :</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૫/૧૫</u>**

**શહેરકોટડા :** નિરજભાઇ સતીષભાઇ યાદવ (ઉ.વ.૩૧)(રહે.રામકુમાર મીલની ચાલી, સરસ્વતી હાઇસ્કુલની બાજુમાં, સરસપુર) એ તા.૨૨/૧/૧૫ નાં કલાક ૭/૪૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે કોઇ અગમ્ય કારણોસર પોતાના ઘરે છતનાં હુકમાં તીજોરીનો પડદો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.ડામોર ચલાવે છે.

**<u>ત્યજી દિધેલ બાળકી મળી આવી :</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૬/૧૫</u>**

**નારણપુરા :** અખીલાબેન વર્ગીસ પુતન્નવેટીવ (રહે.મીસ નરીસ ઓફ ચેરીટી, નર્મલા શીશુભવન ભીમજીપુરા, નવાવાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧/૧૫ સવારનાં ૫/૧૫ વાગ્યાના સુમારે નવાવાડજ ભીમજીપુરા ખાતે આવેલ મીસ નરીસ ઓફ ચેરીટી (મધર ટેરેસા) ના ગેટ આગળ કોઇ અજાણી વ્યક્તિ એક ૨૫ દિવસનાં આશરાની બાળકી ત્યજી મુકી ગયેલ છે. આ અંગે નારણપુરા પોલીસે ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.પી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.